## સુરત મહાનગરપાલિકા

## નગર રચના યોજના, સુરત નં. ૭૭ (ડુમસ - ભીમપોર - ગવિયર)

# અધિસુચન

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો - ૧૯૭૯ના નિયમ - ૧૮ અન્વયે તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે મુજબ છે.

**ઉત્તરે :** સુચિત નગર રચના યોજના, સુરત નં.: ૭૬ (ડુમસ - વાંટા - ગવિયર) સૂચિત નગર રચના યોજના નં. ૮૨ (ડુમસ) તથા મુસદ્દારૂપ નગર રચના યોજના નં. ૩૨ (ગવિયર - વાંટા - ડુમસ)ની હદ

**દક્ષિણે :** સૂચિત નગર રચના યોજના નં. ૭૮ (ડુમસ - ભીમપોર - ગવિયર)ની હદ

**પશ્ચિમે :** સુચિત નગર રચના યોજના નં. ૮૧ (ડુમસ) તથા સૂચિત નગર રચના યોજના નં. ૮૨ (ડુમસ)ની હદ

**પૂર્વે :** મોજે : ગવિયર, ભીમપોર ગામોની હદ તથા સુરત એરપોર્ટ

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલિકો તેમજ હિતસંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેરજનતાને જોવા માટે ટાઉન પ્લાનર શ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા, મુગલીસરા, સુરતની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજપત્રમાં ઉપરોક્ત અધિસુચનની પ્રસિદ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાની અસર પામતી કોઈપણ વ્યક્તિ આ યોજનાના સંબંધમાં વાંધા / સુચનો બે નકલોમાં લેખિત રીતે કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાયે ધ્યાને લેશે.

કમિશનર
(સુરત મહાનગરપાલિકા)

નં. પી.આર.ઓ./૪૧૮/૨૦૦૯-10
તા. ૨૧/૧૨/૨૦૦૯